# સુરતની ડ્રાફ્ટ ટી.પી. સ્કીમોને મંજુરી

સુરત મહાનગરપાલિકા અને સુરત શહેરની આસપાસના વિસ્તારને આવરી લેતા સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી (સુડા) હેઠળના વિસ્તારની નીચે મુજબની કુલ 8 ડ્રાફ્ટ ટી.પી. સ્કીમોને મંજુરી આપતા જાહેરનામા પ્રસિધ્ધ કરવા મંજુરી આપવામાં આવેલ છે.

(1) 26 (આભવા (2) 33 (તલંગપોર–ઉંબેર) (3) 30 (વણકલા–ઓખા–વિહેલ) (4) 40 (નવાગામ) (5) 47 (ખોલવડ–ભાદા) (6) 48 (ખોલવડ–ભાદા) (7) 34 (પાલી–સચીન–કણસાદ) (8) 44 (ભાણોદરા)

સદર ડ્રાફ્ટ ટી.પી. સ્કીમોને મંજુરી મળતાં, સુરત મહાનગરપાલિકા/સુડા દ્વારા ભૌતિક આંતર માળખાકીય સવલતો જેવી કે, રસ્તા, વોટર સપ્લાય, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ અંગેની કાર્યવાહી હાથ ધરી શકશે અને તેથી શહેરના આયોજનબધ્ધ વિકાસને વેગ મળશે. સાથો સાથ ટુંક સમયમાં ટી.પી.ઓની નિમણુંક પણ આ ડ્રાફ્ટ ટી.પી. સ્કીમોને આખરી કરવા માટે કરવામાં આવશે. જેમની સમક્ષ યોજનાની દરખાસ્તો અંગે જરૂર જણાય તો યોજના વિસ્તારના અસરકર્તાઓ જરૂરી આધાર/પુરાવા સહ પોતાની રજુઆત કરી શકશે.

સૌનો સાથ... સૌનો વિકાસ... જય જય ગરવી ગુજરાત...